# ૬.૦ માતૃસત્તાક અને પિતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા

ડૉ.જગદીશભાઈ આર મહિડા

---

## ✻ પિતૃસત્તાક

- ⇨ પિતૃસત્તાક એટલે કે પિતાનું અથવા તો કુલાધિપતિનું શાસન
- ⇨ પુરુષપ્રધાન શાસનવ્યવસ્થા માટે...... પુરુષોનું આધિપત્ય, સ્ત્રીઓ પર પુરુષનો અધિકાર
- ⇨ પુરુષની સત્તા સર્વોપરી, સ્ત્રીની ભૂમિકા ઓછી મહત્ત્વની ગણી શકાય, પુરુષ સ્ત્રી કરતા ચઢિયાતો, પુરુષની તાબેદારી
- ⇨ જીવનના તમામ ક્ષેત્રોમાં પુરુષોનું આધિપત્ય
- ⇨ સ્ત્રી હંમેશા પુરુષની તાબેદારી હેઠળ જ જીવે છે.
- ⇨ સમાજ આજ પરંપરામાં ચાલતો રહ્યો છે. એવી દઢ માનસિકતાથી સમગ્ર પરંપરા ચાલે છે. અને તે બધાએ સ્વીકારી લીધી છે. અને જ્યારે તેનો સ્વીકાર થાય ત્યારે એ પરંપરા પ્રસ્થાપિત થઈ જાય છે.
- ⇨ પિતૃસત્તા એટલે કે સ્ત્રીની જાતિયતા, ફળદ્રુપતા, પ્રજોપ્તિ અને મજૂરી પરનું નિયંત્રણ દર્શાવતી પરંપરા છે.--ઓમવર્ટ(૧૯૮૯)
- ⇨ પુરુષની સત્તાના કારણે સ્ત્રીઓની સામાજિક, રાજકીય અને આર્થિક સંસ્થાઓ દ્વારા તેનું દમન થાય છે.
- ⇨ મૈત્રેયી કૃષ્ણરાજ પિતૃસત્તાના પ્રભાવ હેઠળ-------------
- ⇨ સ્ત્રીના શ્રમ પર પુરુષનું વર્ચસ્વ: સ્ત્રીનું મુખ્ય કાર્ય પરિવારની સારસંભાળનું છે. બાળઉછેર, તમામ સભ્યોનું ધ્યાન રાખવું, રસોઈ અને સગવડો------ છતાં તેનું આ કાર્ય કોઈ દેખાતું નથી. આ કાર્યને બિનઉત્પાદકીય અને અવેતનીય ગણવામાં આવેલ છે.
- ⇨ અહીં તેને પિતા, પતિ અને પુત્રને આધીન રહેવા મજબૂર કરે છે.
- ⇨ સ્ત્રીઓ ઘરનાં અને ઘરની બહાર પણ કેટલાંક કાર્યો કરે છે એટલે કે તેના કારણે તેના કામનો બોજો વધી જાય છે.
- ⇨ નોકરી કરતી સ્ત્રીઓની આવક પર પતિ હક્ક કરે છે.
- ⇨ રોજગારની ભરતી, નિમણૂક અને બઢતી, ફેરબદલી કે વેતનમાં પણ ભેદભાવ જોવા મળે છે.
- ⇨ સ્ત્રીઓના કાર્યની પસંદગી પણ પુરુષો જ કરે છે. અમુક પ્રકારનું કાર્ય કરવું કે નહીં તેનો નિર્ણય પુરુષો જ કરતા હોય છે. એટલે કે ક્ષમતા હોવાં છતાં તેને તાલીમથી વંચિત રાખવામાં આવે છે.

## ✻ માતૃસત્તાક કુટુંબ વ્યવસ્થા:

- ⇨ જે સમાજમાં સ્ત્રીનું સ્થાન મહત્ત્વપૂર્ણ હોય છે અને સગપણ, વંશ,વારસો, સત્તા અને નિવાસ સ્ત્રી પક્ષથી જ નક્કી થતાં હોય તેને માતૃસત્તાક કુટુંક કહેવાય / સ્ત્રીનું સ્થાન મહત્ત્વનું જ્યારે પુરુષનું સ્થાન ગૌણ
- ⇨ સર્વ જવાબદારીઓ અને હક્કો સ્ત્રીઓ પાસે/ કુટુંબના તમામ સભ્યોએ તેનું પાલન કરવાનું
- ⇨ મિલકત પર સ્ત્રીઓનો હક અને તેમજ મિલકતનું નિયમન કરે, પુરુષ તેને મદ કરે, પરંતુ મિલકતના હક્કો મળતા નહીં

- ⇨ સ્ત્રી લગ્ન બાદ તેની માતાના કુટુંબમાં જ રહેતી. પતિ અવારનવાર તેની સાથે રહેતો એટલે કે લગ્ન બાદ સ્ત્રીઓનું રહેઠાણ બદલાતું ન હતું.
- ⇨ વંશ, અટક કે નામ માતાના વંશ તરફથી મળતી. સંતાનો પર પિતા કે પતિનો હક્ક રહેતો નહીં
- ⇨ સંતાનની ઉછેરની જવાબદારી સ્ત્રી તેમજ સ્ત્રીના ભાઈની રહેતી.
- ⇨ આ પ્રકારના કુટુંબમાં પુરુષ પોતાના સંતાનોનો ઉછેર કરતો.વંશાવળી સ્ત્રી તરફથી( ખાસ કરીને પૂર્વ ભારતના ખાસી અને ગારો વિસ્તારમાં આ પ્રકારની સમાજ વ્યવસ્થા જોવા મળતી.
- ⇨ મુખ્ય સત્તા માતા કે સ્ત્રી, કુટુંબના વંશનો આધાર માતાના કુટુંબ પર, લગ્નબાદ પત્નીના ઘરે, પરંતુ કાયમી નહીં
- ⇨ માતાની સંપત્તિ પર બાળકોનો હક્ક, પિતાનો નહીં
- ⇨ કુટુંબ પર માતા કે સ્ત્રીની સત્તા /સામાજિક કે રાજકીય બાબતોમાં પુરુષ
- ⇨ પુરુષનું સ્થાન ગૌણ/તે પુરુષની માલિક નહીં પરંતુ શોષણ પણ કરતી નથી.
- ⇨ કેટલાક સમાજશાસ્ત્રીઓના મતાનુસાર માતૃસત્તાક કુટુંબોમાં પતિ પત્ની વચ્ચેના સંબંધો બહુ ગાઢ અને પરસ્પર આત્મીયતાવાળા નથી હોતા. કારણ કે--------- પુરુષનું કાર્ય જાતીય તૃપ્તિ અને સંતાનોને ઉત્પતિ પૂરતું જ મર્યાદિત. તેને સંતાન પર કે પત્નીની મિલકત પર હક મળતો નથી. તમજ પત્નીના કુટુંબમાં તેનું સ્થાન એટલું મહત્ત્વનું પણ હોતું નથી. તેને મહેમાન ગણવામાં આવે છે. એટલે આ પ્રથામાં છૂટાછેડાનું પ્રમાણ વધુ જોવા મળે છે.